

## MS International નાં સ્થાપક
# શ્રી રીકાબેન અને મનુભાઈ શાહ.

* આરસ અને વીવીધ પ્રકારના પથ્થરનો ઉધ્યોગ કરતી આ કંપની ૨૦૧૭માં એક બીલીયન ડૉલરનો વેચાણ આંક વટાવી જશે.
* લાખો બાળકોને શાળામાં ભોજન પુરુ પાડતી સંસ્થા "અક્ષય પાત્ર"ને એ મીલીયન ડૉલરનું દાન આપ્યું.
* સ્લમ વીસ્તારનાં બાળકોના શૈક્ષણીક વીકાસ માટે કામ કરતી "પ્રથમ" સંસ્થાને ૫૦૦૦ જેટલાં ટેબલેટસ્ પુરાં પાડ્યાં.

## MS International ની શરુઆત અને ક્રમીક વીકાસ.

Ernst & Young 2007 Entrepreneur Of The Year National Award.

**મનુભાઇ, તમે તો મીકેનીકલ એન્જીનીયર છો. આ આરસ અને પથ્થરના ઉધોગમાં કેવી રીતે આવી ગયા? એની પાછળનો ઈતીહાસ જણાવશો? તમે કંપનીના CEO છો. પણ તમારા શબ્દોમાં તમે કપનીના Coach છો. આ કેવી રીતે બન્યું?**

એમાં એવું થયું કે Purdue યુનીર્વસીટીમાંથી મીકેનીકલ એન્જીરીંગની ડીગ્રી લીધા પછી હું નોકરીએ લાગી ગયો. ૧૯૭૧માં ચંદ્રીકા "રીકા" સાથે લગ્ન થયાં અને એ અમેરીકા આવી. એની તીવ્ર સુઝ અને સાહસીકતાને એણે કામે લગાડી. મારા ભાઈનો બેન્ગલોરમાં આરસ અને બીજા કુદરતી પથ્થરો, natural stones નો બીઝનેસ હતો જ. એમની પથ્થરની ખાણ હતી. રીકાના બીઝનેસ માઈન્ડને એમાં તક દેખાઈ. કુટુંબની આવકમાં વધારો થાય એ ગણતરીએ મારાભાઈની મદદથી એણે જુદા જુદા મોન્યુમેન્ટસ્ અથવા સ્મારકો બનાવવામાં વપરાતા આરસ અને અલગ અલગ પથ્થરો (granite, marble etc) ઈમ્પોર્ટ કરવાની ધીમે ધીમે શરુઆત કરી. ધારવા કરતાં બીઝનેસ ઘણો સરસ ચાલવા લાગ્યો. એ વખતે અમે Indiana સ્ટેટમાં રહેતા હતા. ત્યાં અમારા નાના ગરાજમાંથી આ બધુ શરુ કરેલુ. પછી તો એજ ગરાજમાં MS International નો જન્મ થયો - ૧૯૭૫માં. ત્યારબાદ ૧૯૮૪માં અમે કેલીફોર્નીયામાં બધુ ખસેડ્યુ અને સ્થાયી થયાં.

> **I am a believer of Jain Philosophy, yet this religion needs to embrace much more changes if it needs to survive another 100 years. It must become inclusive of all instead of exclusive of elites - Most educated and Richest minority in the world. Most old writings have made us as an exclusive religion. - *Manu Shah***

એમાંય, ૧૯૮૨માં, અમારી મહેનત અને ખંતથી, જ્યારે Vietnam Veteran's Memorial Washinton D.C. નો કાળો આરસપાણ (black granite) પુરો પાડવાનો ઑર્ડર મેળવવામાં અમે સફળ થયા ત્યારથી અમારી આખી દીશા જ પલ્ટાઈ ગઈ. મેં નોકરી છોડી દીધી અને ફુલ ટાઈમ રીકા સાથે કંપનીમાં જોડાઈ ગયો. મારી એન્જીનીયર તરીકેની આવડત કામે લગાડી વીશીષ્ટ રીતનું વ્યાપારી માળખુ ઊભુ કર્યુ અને દુનીયાભરના દેશોમાંથી વીવીધ પ્રકારના પથ્થરોની બનાવટો માર્કેટમાં લાવવા માંડ્યા. ટીમ-વર્ક, સૌનો સાથ સહકાર, ટેક્નૉનોલોજી, કાર્યક્ષમતા અને ગ્રાહકો સાથે પ્રામાણીક વ્યહાર આ અમારી સફળતાના પાયા છે.

સફળતા એ ફ્રી-વે ઉપર ગાડી દોડાવવા જેવુ છે. રીયર વ્યુમાં જુઓ તો કેટલાક તમારી પાછળ છે. અને કેટલાક તમારી આગળ પણ નીકળી ગયા છે. તમે ફકત પુરી સ્વસ્થતાથી તમારા લક્ષ ઉપર મન કેન્દ્રીત રાખો અને આગળ વધો. બસ.

### જન્મ અને કુટુંબ

**તમારા બાળપણ અને તમારા કુટુંબનો થોડો પરીચય આપી શકશો?**

ગુજરાતના કચ્છ વીભાગમાં આવેલા માંડવી ગામમાં મારો જન્મ થયો - ૧૯૪૫માં. મારા પીતાનું નામ રવીલાલ મકનજી શાહ. માતાનું નામ રંભાબેન. એ જમાનો હતો જ્યારે બધાં બહુ વહેલાં પરણી જતાં. મારા માતા-પીતા પણ વહેલાં પરણી ગયેલાં. આ બન્ને જણાંનું દામ્પત્ય જીવન અજબ હતું. એક બીજાને પુરક કેમ થવાય એ એમણે જીવી બતાવેલું. અંગત વર્તનમાં અને ધંધામાં પણ નૈતીકતા, પ્રમાણીકતા જેવા ગુણો એમની પાસેથી જ મને મળ્યા હશે. અમે ૯ ભાંડરડાં. હું સૌથી નાનો. મારાથી મોટાં ભાડરડાં પાસેથી આડકતરી રીતે ઘણું શીખવા મળ્યુ. બધા વચ્ચે સંપીને કેમ રહેવું, કોની સાથે કેમ વર્તવું, કેમ બોલવું, જુદા જુદા સ્વભાવના લોકો પાસેથી, એમનું મન દુખવ્યા શીવાય, સંભાળીને કામ કેવી રીતે લેવું આ બધી કલા આ મોટા સંયુકત કુટુંબમાંથી શીખવા મળે છે. આગળ જતાં આ આવડત, આ ઘડતર અને સૌને અનુકુળ થવાની આ કલા, પોતાના ધંધામાં ખુબ કામ લાગે છે - પોતાની કંપનીમાં કામ કરતા કામદારોને સમજવા, પોતાની સાથે બીઝનેસ કરતા બીજા વેપારીઓને સમજવા, સૌને અનુકુળ (how to adjust and adapt) કેવી રીતે થવું, બીજાની પણ અનુકુળતા કેવી રીતે સાચવવી ... આ બધુ મોટા પરીવારમાંથી શીખવા મળે છે.

મારી કીશોર અવસ્થાના દીવસો મને બરાબર યાદ છે. મારી ઉમ્મર છ વર્ષની હતી ત્યારે, ૧૯૫૧માં, અમારુ કુટુંબ

ઘાટકોપર, મુંબઈમાં રહેવા આવ્યુ. ૧૯૫૭મા રેશનીંગના દીવસો હતા. હું ટીન-એજર હતો. જીવન જરૂરીયાતની વસ્તુઓ - તેલ, ખાંડ, કેરોસીન, અમેરીકન લાલ ઘઉં - આ બધુ લેવા હું કલાકો સુધી લાઈનમાં ઊભો રહેતો. એ બધી મારી જવાબદારી હતી. એ બધી હાડમારીઓને લીધે ઘણું ઘડતર થયું. ચાલો, એ દીવસો પણ વીતી ગયા.

અમારે બે દીકરા છે. રાજેશ અને રુપેશ. બન્ને કંપનીમાં જ છે. બે પુત્રવધુઓ છે. રાજેશની પત્ની સોના. એ એટર્ની છે. શીક્ષણ અને સામાજીક પ્રવૃતીઓમાં ઘણો રસ લે છે. "My Private Professor" નામની એની ટ્યુટરીંગ કંપની છે. મુશ્કેલીમાં મુકાએલી સ્ત્રીઓને મદદ કરતી "સહારા" નામની સંસ્થામાં સક્રીય ભાગ લે છે. રુપેશની પત્ની મોના. એ પણ વકીલ છે. એણે U.S. Senate માં થોડા વખત કામ કર્યુ છે. અત્યારે ચાર ગ્રાન્ડ ચીલરન - રાયન, સોફી, મીલન અને રોહન છે.

## બીઝનેસ

**તમારી કંપની MS International વીવીધ પ્રકારના સ્ટોન જેવા કે કીચન કાઉન્ટર, ફ્લોરીંગ, ટાઈલ્સ, લેન્ડસ્કેપમાં ઉપયોગી એવી બીજી અનેક પ્રૉડક્ટ પુરી પાડે છે.** "MSI is the largest private distributor in North America." **એવું એક બે ઠેકાણે મેં વાંચ્યું. તમને *Ernst & Young* જેવી ખ્યાતનામ સંસ્થાએ Enterpreneur Of The Year - 2007" નો Natioal Award પણ આપ્યો છે. તો તમારા બીઝનેસના વીસ્તારનો ટુંકો પરીચય આપશો?**

મેં તમને આગળ કહ્યું તેમ અમારા ગરાજમાંથી રીકાએ પુરા આત્મવીશ્વાસથી ૧૯૭૫માં એની શરુઆત કરી. બીઝનેસનાં બધાં પાસાંનું સંચાલન સંગીન રીતે ગોઠવાતુ ગયું. આજે ૨૦૧૭માં કંપનીનો સેલ્સ આંકડો એક બીલીયન ડૉલર વટાવી જશે. કેલીફોર્નીયાના આ વૅર હાઉસમાં જ્યાં આપણે બેઠા છીએ એ ૧૩ એકર ઉપર છે. આ અમારુ હેડ-ક્વાટર છે. Half a million sq.ft. of storage space અહીં છે. અહીં કુલ ૩૬૦ કર્મચારીઓ છે. અમેરીકા અને બીજા દેશોની બધી શાખાઓ ગણો તો કુલ ૧૬૫૦ માણસો કંપનીમાં કામ કરે છે. આખા અમેરીકામાં કુલ ૨૪ શહેરોમાં કંપનીની ઑફીસો છે.

હું એક વાત ગર્વથી કહી શકુ એમ છું કે વચમાં વચમાં ઘણાં નાનાં મોટાં રીસેશન (recessions) આવી ગયાં. રીયલ એસ્ટેટમાં પણ મંદી આવી જાય છે. તેમ છતાં કંપનીએ કોઈ કર્મચારીને છુટા ન્હોતા કર્યા. અમે અમારી કુનેહથી એ દીવસોની સામે ટક્કર લીધી અને આગળ વધ્યા.

દુનીયાભરના ૩૭ દેશોમાંથી અમે પથ્થર મંગાવીએ છીએ. એ રીતે કહુ તો દુનીયાભરમાં કુલ લગભગ ૧૨૦,૦૦૦ જેટલા કામદારોને અમે કામ પુરુ પાડીએ છીએ - It's a Global Job creation.

Global Job creation? **એ કેવી રીતે?**

તે એ રીતે કે કેટલાક દેશોના ખાણ માલીકોનો બધો જ માલ અમે ખરીદી લેતા હોઈએ છીએ. એ ખાણના માલીકોનો અમારા ઉપર જ આધાર હોય છે. એટલે એ કામદારોની રોજી-રોટી સાથે અમારી કંપની સીધી સંકળાએલી ગણાય. અમે એમના પથ્થરની ખીરીદી બંધ કરી દઈએ તો એ ખાણ બહુ ટકે નહી. પછી એમના બધા કામદારોનુ શું થાય એ વીચારો.

અમારી કંપની આ વર્ષમાં - ૨૦૧૭માં, દરરોજના ૨૦૦-૨૫૦ ટ્રકલોડનું ખરીદ-વેચાણ કરશે. ટુંકમાં, આ વર્ષે ૪૫૦૦૦ Containers નું ખરીદ-વેચાણ થશે. બ્રાઝીલ, ચાઈના, ટર્કી, અને એવા બીજા દેશો અમારા સપ્લાયર છે.

**ઇન્ડીયામાંથી માલ આવે છે?**

ઈમ્પોર્ટની બાબતમાં ઈન્ડીયા અમારા લીસ્ટમાં ચોથા નંબરે છે. ઈન્ડીયાની પરીસ્થીતી જુદી છે. એક વખત ખાણના માલીકોને હું મળ્યો હતો. મેં સુચન કરેલું કે તમારા કામદારોને સારી તાલીમ આપો, train કરો, એમની skills વધારો, કામદારોને થોડા educate કરો ... પણ માલીકો તરફથી બહુ નીરાશા જનક જવાબ મળ્યો ... મજુરોને educate કરીએ તો એ લોકો મોટી મજુરી માગતા થઈ જાય. અમને એ પોસાય નહી.

**રાષ્ટ્રીય સ્મારોકોમાં કંપનીનો ફાળો.**

વૉશીંગ્ટન જાવ અને વીએટનામ મેમોરીયલ જુઓ તો MSI યાદ આવશે કે આ ભવ્ય રાષ્ટ્રીય મેમોરીયલનો કાળો આરસપાણ- black granite, આપણા દેશી ભાઈની કંપનીએ પુરો પાડ્યો છે.

NASA - Astronauts Memorial
Cape Caneveral, Florida.

૧૯૯૧માં "ચેલેન્જર"" અવકાશયાનની કરુણ ઘટના બની હતી. એમાં સાત અવકાશ યાત્રીઓ જીવન ગુમાવી બેઠા હતા. આ અવકાશ યાત્રીઓની સમૃતીમાં ઊભા કરાએલા મેમોરીયલમાં પણ મનુભાઈની કંપનીએ જરુરી એવો કાળો ગ્રેનાઈટ પુરો પાડ્યો છે.

છેલ્લાં ૩૦ વર્ષમાં આવાં નાનાં મોટાં કુલ ૬૦ જેટલાં રાષ્ટ્રીય સ્મારોકોમાં **MSI** એ જરુરી પથ્થર પુરા પાડ્યા છે.

## No Smoking : કાનુન નહી ... કરુણા

**રીકાબેન, ધુમ્રપાન કરતા કંપનીના કર્મચારીઓને વ્યસન મુકત કરવામાં તમે ખુબ અંગત રસ લો છો. આ સમજાવશો?**

ઈન્ડીયામાં હું શીક્ષીકા હતી. કાયદાને બદલે કરુણા અને સમજાવટથી કામ લેવું એ સારા શીક્ષકોનું લક્ષણ છે. એટલે મેં સમજાવટનો માર્ગ અપનાવ્યો. ચારેક વર્ષ પહેલાં, ૨૦૧૩માં, એકંદર ૧૨૦૦ જેટલા કર્મચારીઓમાંથી ૧૩૦ જેટલા સ્મોકીંગ કરનારા હતા. કેટલાક કર્મચારીઓ અવાર નવાર બહાર નીકળી એક જગાએ ટોળે વળી સીગરેટો પીતા. આ નુકસાન કર્તા હતું. એમના માટે અને એમના કુટુંબના સ્વાથ્ય માટે. તથા કંપની માટે પણ. NO Smoking on the Company Grounds એવી નોટીસ બહુ સહેલાઈથી મુકી શકાય. પણ મેં આ કોયડો અંગત રીતે મારા હાથમાં લીધો. કર્મચારીઓને વ્યસન મુકત કરવાનું મેં બીડુ ઝડપ્યુ. ધુમ્રપાન કરનારા કર્મચારીઓને એક પછી એક, અંગત રીતે, હું મારી ઑફીસમાં બોલાવીને બહુ મમતાપુર્વક તમાકુની ભયંકરતા એમને સમજાવતી ગઈ. સ્મોકીન્ગ એમના માટે અને એમના કુટુંબ માટે કેટલું

ભયંકર છે તે સમજાવવા લાગી. સીગરેટનું વ્યસન છોડવા જે કાંઈ કરવું પડે તે તમામ મદદ કરવા હુ તૈયાર છું એવી અંગત ખાત્રી પણ એમને આપવા લાગી. તમાકુના એ વ્યસનીઓને લાગવા માંડ્યુ કે આ તો બૉસ છે છતાં મારા અને મારા કુટુંબના સ્વાસ્થ્ય વીષે આટલી લાગણી અને આટલી અંગત કાળજી રાખે છે! આ કરુણાભરી સમજાવટનું પરીણામ બહુ જ સુંદર આવ્યું. કર્મચારીઓ ધીમે ધીમે સીગરેટ છોડવા લાગ્યા. પોતે સીગરેટ છોડી છે એની ખાત્રી આપવા એ લોકો પોતાનું સીગરેટનું પેકેટ અને લાઈટર મારા ટેબલ ઉપર પડેલા કાચના આ બાઉલમાં મુકી જતા. કેટલાક તો એ વખતે બહુ ગળગળા થઈ જતા.

બીજું, ઘણા કામદારો ઢગલાબંધ કેડીટ કાર્ડ રાખતા હોય છે. ધીમે ધીમે ઊંડા દેવામાં ફસાઈ જાય છે. પોતાની આર્થીક વ્યવસ્થા સમજતા નથી હોતા. એવા કામદારોને પણ એક પછી એક મળીને, individual approach કરીને, દેવામુકત જીવન કેમ જીવવું એ સમજાવતી રહુ છું. વ્યકતીગત સમજાવટને લીધે એની અસર બહુ સારી થાય છે. એ લોકો સમજે છે.

### માનવ હીત અને દાનની પ્રવૃત્તીઓ.

**માનવ હીતનું કામ કરતી ઘણી સંસ્થાઓને તમે સહાય કરો છો. હમણાં તમે અક્ષય-પાત્ર સંસ્થાને એક મીલીયન ડૉલર આપ્યા. સહારા, પ્રથમ, જૈન સેન્ટર જેવી ઘણી સંસ્થાઓ સાથે તમે અને તમારુ કુટુંબ સંકળાએલું છે.**

**કોઇ અમેરીકન યુનીર્વસીટીમાં તમારા નામની "ચેર" સ્થાપવાનું વીચારો છો?**

અત્યારે **"ચેર"**ની બાબતમાં કશું કહી શકતો નથી. મારી માન્યતા એવી છે કે મારા આપેલા દાનનું નક્કર પરીણામ ૮-૧૦ મહીનાના ગાળામાં મને દેખાવું જોઈએ.

દા.ત. "અક્ષય પાત્ર"ને આપેલા દાનથી રોજ લાખો બાળકોને પૌષ્ટીક ખોરાક મળવાનો છે અને એ બાળકોના જીવનમાં તાજગી આવવાની છે. આ મને સ્પષ્ટ દેખાય છે. જ્યારે યુનીર્વસીટીમાં "ચેર"ની વાત સાવ જુદી જ છે.

મારી ઈચ્છા તો એવી છે કે સારી પ્રવૃત્તીઓને દાન આપતાં આપતાં મારો છેલ્લો ચેક બાઉન્સ થાય અને બધુ ખાલી થઈ જાય.

### સર્વમંગલ ટ્રસ્ટ

સર્વમંગલ નામનું અમારુ ટ્રસ્ટ છે. સમાજનું ઋણ ચુકવવું અને સમાજને કંઈક પાછુ આપવું એ આ ટ્રસ્ટનો હેતુ છે. આ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં મીલીયન્સ ઑફ ડૉલરનું દાન થયું છે. આવતા વર્ષોમાં હજુ ઘણું કરવાનું બાકી છે. અમે બંને અમારો ઘણો મોટો સમય ભારતમાં અને અમેરીકામાં ચાલતી સેવા પ્રવૃત્તીઓમાં, philanthropic activities માં ગાળીએ છીએ.

### જૈન દર્શન વીષે ....

**જૈન તત્વજ્ઞાન વીષેના તમારા વીચારો જણાવશો?**

હું જૈન છું. જૈન દર્શન અદ્દભુત છે. કરુણાથી ભરેલો ધર્મ છે. પણ જૈન ધર્મને જો બીજાં સો વર્ષ ટકવું હોય તો ધરખમ ફેરફારો સ્વીકારવા પડશે. જૈન ધર્મનો મુળ પાયો છે કરુણા - compassion. પરંતુ આજે કરુણા દેખાવ અને પ્રવચનો કરવા પુરતી રહી છે. આજે જૈન ધર્મ કર્મકાંડો અને રુઢીગત વીધીઓની જડતામાં ફસાઈ ગયો છે. દીન દુખીયાં અને ગરીબોને દુર રાખી અતી શ્રીમંત, elite લઘુમતી લોકોનો ધર્મ બની ગયો છે. In my opinion, we can do lot more social activities to benefit common, average people in the surrounding communities - not just to Indians or Jains." ▯

- આનંદ રાવ
gunjan_gujarati@yahoo.com